રક્ષાબંધનની ભેટ : મનપાના 349 કર્મીને ઉચ્ચતર પગારધોરણ, 67 કાયમી કરાયા

જુદી જુદી કેડરમાં ફરજ બજાવતા કર્મચારીઓની નોકરીના વર્ષોને ધ્યાને મ્યુનિ. કમિશનર દ્વારા મંજૂરી આપવામાં આવી

સુરતઃ સુરત મહાનગરપાલિકાના કુલ 349 કર્મચારીને ઉચ્ચત્તર પગારધોરણ માટે મનપા કમિશનર શાલિની અગ્રવાલ દ્વારા મંજુરી આપવામાં આવી હતી.

સુરત મહાનગરપાલિકામાં જુદી જુદી કેડરમાં ફરજ બજાવતા કર્મચારીઓને તેઓની નોકરીના વર્ષોને ધ્યાને લઇ નિયમાનુસાર કુલ 349 કર્મચારીમાં વર્ગ-3માં લેબોરેટરી ટેક્નિશ્યન, ટેક્નિકલ આસિસ્ટન્ટ, ફાયરમેન તથા અન્ય કેડરો મળી કુલ 116 કર્મચારી તથા વર્ગ 4માં પટાવાળા, બેલદાર તથા અન્ય કેડરો મળી કુલ 233 કર્મચારી, એમ કુલ 349 કર્મચારીને ઉચ્ચતર પગારધોરણની મંજૂરી આપવામાં આવી છે. જે પૈકી 43 કર્મચારીને 12 વર્ષનો, 5 કર્મચારીને 24 વર્ષનો, 192 કર્મચારીને 10 વર્ષનો, 61 કર્મચારીને 20 વર્ષનો, 45 કર્મચારીને 30 વર્ષનો, 1 કર્મચારી સ્મીમેરના પ્રોફેસરને ઉચ્ચતર પગારધોરણનો લાભ આપવા માટે મનપા કમિશનર દ્વારા મંજૂરી આપવામાં આવી છે.

સુરત મહાનગરપાલિકાના કુલ 67 કર્મચારીને સુરત મહાનગરપાલિકાની નોકરીમાં કાયમી નિમણુંક કરવા માટે મનપા કમિશનર દ્વારા મંજૂરી આપવામાં આવી છે.

સુરત મહાનગરપાલિકામાં જુદી જુદી કેડરમાં ફરજ બજાવતા કર્મચારીઓને તેઓની નોકરીના વર્ષોને ધ્યાને લઇને નિયમાનુસાર કુલ 67 કર્મચારીને કાયમી કરવામાં આવ્યા છે.

જેમાં વર્ગ 3માં ક્લાર્ક તથા લેબ. ટેક્નિશ્યન મળી કુલ 11 કર્મચારી તથા વર્ગ 4માં પટાવાળા, બેલદાર મળી કુલ 56 કર્મચારીને કાયમી કરાયા છે.

ડિંડોલીમાં સ્થાનિકો ત્રણ કિમીનો ચકરાવો ઘટાડવા સીલ થયેલા જર્જરિત ખાડી બ્રિજ પર ચાલવા મજબૂર

વૈકલ્પિક વ્યવસ્થાના અભાવે 15 સોસાયટીના લોકો આ જર્જરિત ખાડી બ્રિજ બંધ થતા અટવાયા છે. : બાળકો પણ જોખમ ખેડીને શાળાએ જાય છે

સુરતઃ ગંભીરા બ્રિજ દુર્ઘટના બાદ સફાળા જાગેલા સુરત મનપાના તંત્ર દ્વારા શહેરના નદી અને ખાડી બ્રિજની તપાસ કરાવ્યા બાદ શહેરમાં એક પણ બ્રિજ ભયજનક નથી તેવો અહેવાલ સરકારને આપ્યો છે. જો કે ડીંડોલી વિસ્તારના પ્રિયંકા સોસાયટી પાસેનો એક ખાડીપુલ જર્જરિત હોવાથી આ બ્રિજ બંધ કરાયો હોવાથી છેલ્લા એક વર્ષથી વૈકલ્પિક વ્યવસ્થાના અભાવે એક તરફથી બેસી ગયેલા આ બ્રિજ પરથી આસપાસની 15 સોસાયટીના અંદાજે 30,000થી વધુ રહેવાસીઓ જીવના જોખમે પસાર થવા મજબૂર બન્યા છે.

પુલનો એક ભાગ ધસી પડ્યા બાદ તંત્રએ માત્ર 25 ફૂટના આ ભાગને લોખંડની ગ્રીલ અને બોર્ડ મૂકીને બંધ કરી દીધો છે. પરંતુ, જો આ 25 ફૂટનો રસ્તો પાર ન કરવો હોય તો ત્રણ કિ.મી.નો લાંબો ચકરાવો લઈને જવું પડે છે.

આ લાંબા અંતરથી બચવા માટે નાના બાળકો, વૃદ્ધ મહિલાઓ અને વિદ્યાર્થીઓ સહિતના લોકો પણ બેરીકેડ કૂદીને અથવા નીચેના ભાગેથી જર્જરિત પુલ પરથી જઈ રહ્યા છે.

એક વર્ષમાં ત્રીસેક ફરિયાદો કરી પરંતુ મનપાનું તંત્ર માત્ર ઠાલાં વચન આપે છે

સ્થાનિક રહેવાસીઓએ તંત્રની આંખો ખોલવા માટે છેલ્લા એક વર્ષમાં 25થી 30 વખત ઓનલાઈન ફરિયાદ કરી છે, પરંતુ દરેક વખતે માત્ર 'તમારી સમસ્યાનો ઉકેલ આવી જશે' એવા સંદેશાઓ સિવાય કશું મળ્યું નથી. જો અચાનક કોઈ વ્યક્તિ આ પુલ ક્રોસ કરતી વખતે નીચે પડી જાય અને ઇજાગ્રસ્ત થાય અથવા તો મોત થાય તો જવાબદારી કોની? તેવા સવાલો ઉઠી રહ્યા છે.

મનપામાં સાત એજન્સીનો સિક્યુરિટીનો ઈજારો બે માસ લંબાવાયો : કૌભાંડી ત્રણ એજન્સી બાકાત

ઇએમકે સિક્યુરિટી સહિત ત્રણ એજન્સીએ બોગસ ડોક્યુમેન્ટ્સને આધારે લાઇસન્સ મેળવ્યાનું પકડાતા ડીસ્ક્વોલિફાઇ કરાઇ છે

સુરતઃ સુરત મનપામાં મલાઈદાર ગણાતો સિક્યુરિટીનો ઈજારો મેળવવા માટે દર વખતે ઈજારદાર એજન્સીઓ દ્વારા રિંગ બનાવવામાં આવતી હોવાની વાત નવી નથી. પરંતુ આ વખતે તો ટેન્ડરમાં ક્વોલિફાઈડ થયેલી ત્રણ એજન્સીએ ક્વોલિફાઈડ થવા માટે જરૂરી ડોકયુમેન્ટ ઉભા કરવા લેબર કમિશનર કચેરી સમક્ષ બોગસ ડોકયુમેન્ટ્સ રજૂ કરી લાઈસન્સ મેળવ્યું હોવાનું અને રીન્યુ કરાવ્યું હોવાના પુરાવા સાથેની ફરિયાદ મનપા કમિશનરને મળતા સિકયુરિટી વિભાગના અધિકારીઓ દ્વારા ડોક્યુમેન્ટ્સની ખરાઇ કરાવાઇ હતી. જેમાં વિભાગ દ્વારા સજાગતાથી તપાસ કરતા ત્રણેય એજન્સીની ગોબાચારી બહાર આવી હોય મનપાના તંત્ર દ્વારા આ ત્રણ એજન્સીના નવા ટેન્ડર ડીસ્કોલીફાઇ કરાયા છે.

જો કે આ ચાર પૈકી ત્રણ એજન્સી ઇએમકે સિક્યુરિટી, શક્તિ સિક્યુરિટી અને શક્તિ પ્રોટેકશન ફોર્સે બોગસ ડોક્યુમેન્ટ્સને આધારે લાઈસન્સ મેળવ્યાનું પકડાતા ડીકવોલીફાઇ કરાઇ હોય, કોર્ટ મેટર થતા નવા ટેન્ડર ખોલાયા નથી, તેથી હાલ પુરતા જુના ઈજારદારોને બે માસ માટે ઈજારો લંબાવી દેવાનો નિર્ણય લેવાયો છે.

જો કે હાલમાં કામ કરી રહેલી 11 એજન્સી પૈકી કૌભાંડમાં વગોવાયેલી ત્રણ એજન્સીને બકાતા રાખવાનું નકકી થયું છે.

અત્રે ઉલ્લખનીય છે કે, મનપાના વિવિધ ઝોન, વિભાગો, પ્રોજેકટ સાઇટો, બાગ-બગીચા વગેરે સહિતની કુલ 600થી વધારે જગ્યાએ સિક્યુરિટી સુપરવાઇઝર, ગનમેન અને સિક્યુરિટી ગાર્ડ મુકવાના થયા છે. આ કામના નવા ઈજારા માટે વાર્ષિક 42 કરોડથી વધુના ઈજારા માટે ટેન્ડર બહાર પડાયા હતા. 9 એજન્સી ક્વોલિફાઇડ થઇ છે અને ચાર પૈકી ત્રણ એજન્સી બોગસ પુરાવાના કારણે ડીસ્કવોલિફાઇડ થઇ છે. જેમાં ઈએમકે સિક્યુરિટી, શક્તિ સિક્યુરિટી અને શક્તિ પ્રોટેકશન ફોર્સનો સમાવેશ થાય છે. હવે નવા કોન્ટ્રાક્ટમાં કઈ એજન્સીનો સમાવેશ થાય છે તે જોવું રહ્યું.

સૃષ્ટિના સર્જનહારનું થશે અવતરણ, જન્માષ્ટમીની ઉજવણીની તૈયારી

16મી ઓગસ્ટના રોજ જન્માષ્ટમીની શ્રદ્ધાપૂર્વક ધામધૂમથી ઉજવણી કરાશે. લાલાને ઝૂલાવવા અને મંદિરને શણગારવા માટેના આભૂષણોથી લઈને આકર્ષક પૂજાસામગ્રી બજારમાં આવી ગઈ છે. (ત.: સતિષ જાદવ)

ઉધરાણીની ચિંતામાં પુણાના કાર્ટિંગના વેપારીનો ઝેર પીને આપઘાત

સુરતઃ અનેક લોકો પાસેથી ધંધાના રૂપિયા લેવાની ચિંતામાં પુણાના કાર્ટિંગના વેપારીએ ઝેર પીને આત્મહત્યા કરી લીધી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ, મૂળ જામનગર કાલાવડના વતની હરેન ગોવિંદ સુધાણી (40 વર્ષ) હાલ પુણાગામની કેવલપાર્ક સોસાયટી-2માં બે સંતાન સહિતના પરિવાર સાથે રહેતો હતો. હરેન ભાગીદારીમાં કાર્ટીગના વ્યવસાય સાથે સંકળાયેલો હતો. ગુરુવારે બપોરે હરેને ઘરમાં ઝેર પીને આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો.

પરિવારજનો તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા, જ્યાં ટૂંકી સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. હરેનને લોકો પાસેથી ધંધાના રૂપિયા લેવાના નીકળતા હતા, જેથી તેની ચિંતામાં તેણે આ પગલું ભર્યું હોવાનું તેના પરિવારજનોએ જણાવ્યું હતું. બનાવને પગલે પુણા પોલીસ વધુ તપાસ હાથ ધરી છે.

ગોડાદરામાં રસાવાળા ખમણના ધંધાર્થીને સસ્તા સોનાનો 'ટેસ્ટ' ૩.3 લાખમાં પડ્યો

સોનગઢમાં ખોદકામ દરમિયાન સોનું મળ્યું હોવાનું કહીને ગઠિયાઓએ ચેક કરવા ખરું સોનું આપ્યું, બાદ ખોટું સોનું પધરાવી ગયા

સુરતઃ ગોડાદરામાં રસાવાળા ખમણની લારી ચલાવતા યુવકને ઠગ ટોળકીએ સસ્તામાં સોનું આપવાની લાલચ આપી ૩.3 લાખ પડાવી લીધા હતા.

લિંબાયતની શાંતિનગર સોસાયટીમાં રહેતા રાહુલ નિંબાભાઇ બોરસે ગોડાદરા માધવ શોપિંગ સેન્ટર સામે રસાવાલા ખમણની લારી ચલાવી ગુજરાન ચલાવે છે. ગત.6 જૂનના રોજ બે શખ્સ નાસ્તો કરવાના બહાને આવ્યા હતા. વાત કરતા કરતા બે ચાંદીના સિક્કા બતાવ્યા હતા અને સોનગઢમાં ખોદકામ દરમિયાન તેમને ચાંદી અને સોનું મળ્યું હોવાનું કહી ચિઠ્ઠીમાં મોબાઇલ નંબર લખીને આપી ગયા હતા. બે દિવસ બાદ ફરી આ બંને તેની લારી પર આવ્યા હતા અને પોતાની પાસેની થેલીમાંથી સોના જેવો હાર કાઢ્યો હતો અને બે મણી તોડી ચેક કરવા માટે આપ્યું હતું. રાહુલ તેને સાથે લઈને લિંબાયતના વૈદ્યનાથ મંદિર પાસે સોનીની દુકાને ગયો હતો. સોનીએ ચેક કરીને ખરું સોનું હોવાનું જણાવ્યું હતું. બાદમાં ગઠિયા હાર અને મણી લઇને ચાલી ગયા હતા. એ પછી આ ગઠિયાઓએ ફોન કરીને પોતાની પાસે ૩.12 લાખનું સોનું છે, જે ૩.5 લાખમાં આપી દેવાનું કહ્યું હતું. જ્યારે રાહુલે પોતાની પાસે આટલા પૈસા ન હોવાનું જણાવ્યું હતું.

થોડા દિવસ બાદ આ બંને શખ્સ અન્ય બે પુરુષ અને એક મહિલા સાથે તેની લારી પર આવ્યાં હતાં અને પૈસાની વાત કરી હતી. પણ રાહુલે પોતાની પાસે પૈસા ન હોવાનું કહ્યું હતું. બાદ આ ટોળકી રાહુલને અવારનવાર ફોન કરી પૈસાની વ્યવસ્થા થઇ? એમ પૂછતા હતા. છેવટે જેટલા પૈસા હોય તેટલા આપો તો સોનું આપવાનું કહ્યું હતું. લાલચમાં આવી ગયેલા રાહુલે ૩.3 લાખ આપવાની વાત કરી હતી. જેથી ગઠિયાએ તેને તા.9-7-2024ના રોજ પૈસા લઈ સારોલી લેન્ડમાર્ક પાસે બોલાવ્યો હતો. રાહુલ તેની પત્ની અને ભાઇ સાથે બાઇક પર સ્થળ પર ગયો હતો. ત્યાં ગઠિયા પૈસા લઇને ઘરેણાં ભરેલી થેલી આપી નાસી ગયા હતા. લિંબાયત આવીને રાહુલે સોનીને બતાવતાં આ સોનું ખોટું હોવાનું માલૂમ પડ્યું હતું. રાહુલે ફોન કરતાં ગઠિયાએ આપેલો નંબર બંધ આવ્યો હતો. આખરે રાહુલે ગોડાદરા પોલીસમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે છેતરપિંડીનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

અઠવા ઝોનનાં જર્જરિત પ્રજ્ઞાનગર આવાસ ખાલી કરાવ્યા બાદ હવે અહીં નવાં આવાસો બનાવાશે

આગામી 15થી 20 દિવસમાં નવાં આવાસ બનાવવાના કામનાં ટેન્ડર બહાર પાડી દેવાશે

સુરતઃ સુરત મહાનગરપાલિકાના અઠવા ઝોનમાં વર્ષ-2002માં સાકાર કરાયેલાં આવાસ માત્ર પંદર વર્ષના ગાળામાં જર્જરિત થઈ ગયાં હતાં. વર્ષ-2002માં મનપાએ અઠવા ઝોન વિસ્તારમાં પ્રજ્ઞાનગર આવાસ બનાવી લાભાર્થીઓને આપ્યાં હતાં. પ્રજ્ઞાનગરમાં આવાસ બનાવ્યા બાદ મનપાએ આવાસ જર્જરિત થતાં વર્ષ-2016માં ખાલી કરવા માટે નોટિસ આપી હતી. આ નોટિસ બાદ પણ સાત વર્ષ સુધી આવાસમાં લોકો જીવના જોખમે રહેતા હતા અને ત્યારબાદ મનપાએ વધુ એક નોટિસ આપી આવાસ ખાલી કરાવવા જણાવ્યું હતું. આખરે આ આવાસો ખાલી થતાં તે તોડી પાડવાના કામને શાસકોએ મંજૂરી આપી છે અને આગામી 15થી 20 દિવસમાં નવાં આવાસ બનાવવાના કામના ટેન્ડર બહાર પાડી દેવાશે તેમ સ્થાયી અધ્યક્ષ રાજન પટેલે જણાવ્યું હતું.

વધુ વિગત આપતા અધ્યક્ષે જણાવ્યું હતું કે, પ્રજ્ઞાનગરમાં કુલ 704 આવાસ છે. કુલ 44 ટાવર છે અને 1 ટાવરમાં 16 આવાસ છે. 3થી 4 માળના આ ટાવરો ખૂબ જર્જરિત થઈ જતાં આખરે તેને તોડી પાડવાનો નિર્ણય લેવાયો છે. કુલ 12,823 સ્ક્વેર મીટર વિસ્તારમાં ફેલાયેલાં આ આવાસો વર્ષ-2002માં સાકાર કરી ફાળવણી કરવામાં આવી હતી અને 2016માં ખાલી કરાવાયા હતા. બાદ પણ ઘણાં આવાસોમાં લોકો રહેતા હોવાથી વારંવાર નોટિસો આપી આખરે આવાસ ખાલી થતાં તોડી પાડી અહીં નવાં આવાસો સાકાર કરાશે. જે માટે આર્કિટેક્ટને ડિઝાઈનનું કામ સોંપાયું છે અને આગામી 15થી 20 દિવસમાં ટેન્ડર બહાર પાડી દેવાશે.

ગ્રીન ઈ-વ્હીકલ પોલિસીઃ કમિટીનું ગઠન કરાશે, એક માસમાં કામગીરી શરૂ થશે

ગ્રીન ઈ-વ્હીકલ પોલિસીની માહિતી લોકોને સરળતાથી મળી રહે તે માટે પ્રથમવાર ગ્રીન વ્હીકલ પોર્ટલ પણ બનાવાશે



સુરતઃ પર્યાવરણ જાળવણી અને ઈંધણની બચત માટે વ્યવસ્થિત રીતે આગળ વધી રહેલા સુરત મનપાના તંત્ર દ્વારા દેશમાં પ્રથમ વખત ગ્રીન વ્હીકલ પોલિસી 2025 તૈયાર કરાઈ છે. જેને સ્થાયી સમિતિમાં શાસકો દ્વારા લીલી ઝંડી આપી દેવામાં આવી છે. સુરત મનપા દ્વારા પાંચ વર્ષ પહેલાં ઈ વ્હીકલ પોલિસીની જાહેરાત કરવામાં આવી હતી.

પાંચ વર્ષ માટેનો તેનો સમયગાળો પૂર્ણ થતા મનપા દ્વારા હવે ગ્રીન ઈ વ્હીકલ પોલિસી જાહેર કરવામાં આવી છે. આ નવી પોલિસીમાં મનપા વ્હીકલ ટેક્સમાં 50 ટકા છૂટ આપવા માટે આયોજન કરી રહી છે. આ અમલના કારણે મનપાની વ્હીકલ ટેક્સની આવકમાં ફટકો પડે તેમ હોવાથી મનપા કેન્દ્ર સરકાર પાસે ગ્રાન્ટની માંગણી કરશે.

ઈ-વ્હીકલ પોલિસી અંતર્ગત ઈ-વાહનોની સંખ્યામાં વધારો થાય તે માટે પ્રોત્સાહનો અપાશે, સાથે સાથે મનપા દ્વારા ગ્રીન વ્હીકલ સેલ બનાવાશે તેમજ ગ્રીન ઈ-વ્હીકલ પોલિસી અંગેની માહિતી લોકોને સરળતાથી મળી રહે તે માટે ગ્રીન વ્હીકલ પોર્ટલ પ્રથમવાર બનાવાશે.

આ અંગે વધુ વિગત આપતા સ્થાયી સમિતિ અધ્યક્ષ રાજન પટેલે જણાવ્યું હતું કે, ગ્રીન ઈ-વ્હીકલ પોલિસી શહેરમાં ઈકો-ફ્રેન્ડલી પરિવહન તરફ એક મહત્વપૂર્ણ પગલું છે. કેન્દ્ર સરકારના નેટ ઝીરો મિશન 2027 સાથે સંકલન કરવાના ઉદ્દેશ્ય સાથે, આ પોલિસીમાં ઈલેક્ટ્રિક વાહનો (EVs), હાઈડ્રોજન-સંચાલિત વાહનો અને બાયોફ્યુઅલ વાહનો જેવી તમામ ગ્રીન વ્હીકલ ટેક્નોલોજીનો સમાવેશ કરી લેવાયો છે.

ગ્રીન વ્હીકલ પોલિસીના અમલીકરણ માટે ગ્રીન વ્હીકલ સેલ બનાવવામાં આવશે. જેમાં સુરત મનપાની સાથે સાથે પોલીસ ડીપાર્ટમેન્ટ, વીજ વિભાગ, ટ્રાન્સપોર્ટ, ચેમ્બરના પ્રતિનિધિ રહેશે. આગામી 1 મહિનામાં આ પોલિસી હેઠળ કમિટીનું ગઠન પણ કરાશે અને કમિટી દ્વારા વિગતવાર રિપોર્ટ રજુ કરવાનો રહેશે કે જેથી પોલિસીનો તાત્કાલિક અમલ શરૂ કરી શકાય.

કમિટીનું મુખ્ય કામ ગવર્નિંગ, કોર વર્ક, ટેક્નિકલ વર્કનું રહેશે. સુરત ગ્રીન વ્હીકલ સેલ જે ત્રિ-સ્તરીય સંરચના (ગવર્નિંગ, કોર અને ટેકનિકલ કમિટી), જે પોલિસી અમલીકરણ અને સ્ટેકહોલ્ડર સંકલનનું નેતૃત્વ કરશે. તેમજ સુરત ગ્રીન વ્હીકલ ફંડ અંતર્ગત મ્યુનિસિપલ ફંડ, ગ્રીન બોન્ડ્સ, CSR અને કાર્બન ફાઈનાન્સિંગ દ્વારા નાણાંકીય સહાય પણ મળશે.

દર એક ચોરસ કિ.મી.એ ચાર્જિંગ સ્ટેશન હશે

- » 2030 સુધીમાં 50% EV વેચાણનું લક્ષ્ય (EVS0@2030).
- » 460થી વધુ જાહેર ચાર્જિંગ સ્ટેશન સ્થાપવા, દર ચોરસ કિલોમીટરે એક સ્ટેશન હશે.
- » ગ્રીન ઝોન અને કોરિડોર દ્વારા હવાની ગુણવત્તામાં સુધારો.
- » સ્થાનિક GV ઉત્પાદન અને એસેમ્બલી એકમોને પ્રોત્સાહન.
- » રિન્યુએબલ એનર્જી ઇન્ટિગ્રેશન અને બેટરી રિસાયકિલંગને પ્રોત્સાહન.
- » ઇનડાયરેક્ટ ઇન્સેન્ટિવ્સ: GV માટે 10 % પાર્કિંગ આરક્ષણ, એન્વાયર્નમેન્ટ ઇમ્પ્રુવમેન્ટ ચાર્જનું 100% રિઇમ્બર્સમેન્ટ.
- » ગ્રીન સર્ટિફિકેશન: 30%થી વધુ GV ધરાવતી શૈક્ષણિક સંસ્થાઓ અને કોર્પોરેટ્સ માટે પ્રમાણપત્ર.
- » 460 ચાર્જિંગ સ્ટેશનનું નેટવર્ક, PPP મોડેલ દ્વારા વિસ્તરણ.
- » ડિજિટલ ટૂલ્સ: One EV App અને સિંગલ-વિન્ડો કમ્પ્લાયન્સ પોર્ટલ દ્વારા માહિતી અને પારદર્શિતા.
- » GV એક્સ્પો અને વર્લ્ડ EVડે (8 સપ્ટેમ્બર); GV ટેક્નોલોજી અને ચાર્જિંગ સોલ્યુશન્સનું પ્રદર્શન.
- » સલામતી તાલીમ અને ઇમરજન્સી SOPs દ્વારા જાગૃતિ.
- » સુરતને GV ઉત્પાદન હબ તરીકે સ્થાપિત કરાશે.
- » EV ટેક્નોલોજી પર વોકેશનલ કોર્સ, મહિલાઓ માટે પ્રાથમિકતા.

વેરામાં રાહત, પ્રથમ વર્ષે વાહન વેરામાં 100 ટકા મુક્તિ સહિતની ઢગલાબંધ રાહતો જાહેર

વેરામાં રાહત, પ્રથમ વર્ષે 100% વાહન વેરા મુક્તિ, બીજા વર્ષે 75%, ત્રીજા વર્ષે 50% અને ચોથા વર્ષે 25% મુક્તિ. ઉપરાંત પ્રથમ 2,000 ઈ-થ્રી-વ્હીલર ગુડ્સ વાહનો માટે 3,000 સહાય, પ્રથમ 1,000 ઈ-થ્રી-વ્હીલર ઓટો માટે 5,000 સહાય, પ્રથમ 100 ઈ-થ્રી-વ્હીલર પિન્ક ઓટો માટે 5,000 સહાય, પ્રથમ 200 ઈ-લાઇટ ગુડ્સ વાહનો માટે 0.5% લોન વ્યાજ સહાય (18,000ની મર્યાદા), તેમજ ગ્રીન વ્હીકલ્સ માટે મફત પાર્કિંગ અને 10% આરક્ષિત પાર્કિંગ જગ્યાઓ, નોંધાયેલા ગ્રીન વ્હીકલ માલિકો માટે સુરત મની કાર્ડ, જે મર્યાદિત સમય માટે સિટીલિંક બસોમાં રાહત દરે મુસાફરીની સુવિધા આપશે.

સંક્ષિપ્ત સમાચાર

ગોવિંદા મંડળોને મોટી રાહત, હવે એક જ પોલીસ સ્ટેશનમાં જવાબ આપવા જવું પડશે

સુરતઃ જન્માષ્ટમીનો તહેવાર નજીક આવી રહ્યો છે ત્યારે શુક્રવારે સુરત શહેર ગોવિંદા ઉત્સવ સમિતિ સુરત દ્વારા શહેર પોલિસ કમિશનરને એક રજૂઆત કરવામાં આવી હતી. શહેરનાં ભાગળ સહિત અનેક વિસ્તારોમાં દહીં હાંડીનો કાર્યક્રમ ખૂબ જ ભવ્ય રીતે ઉજવાય છે. તેના માટે સ્થાનિક પોલીસ મથકમાંથી પણ પરમિશન લેવી પડે છે. જો કે હવે એક જ પોલીસ સ્ટેશનમાં ગોવિંદા મંડળોએ જવાબ આપવા જવાનું રહેશે, જેથી ગોવિંદા મંડળોને સરળતા રહે. આ રજૂઆત કરવા માટે સુરત શહેર ગોવિંદા ઉત્સવ સમિતિના પ્રમુખ ગણેશભાઈ પી. સાવંત તથા અન્ય અગ્રણીઓ હાજર રહ્યાં હતાં. જેને ધ્યાને લઈને શહેર પોલીસ કમિશનર દ્વારા આ હુકમ કરાયો હતો. જે બદલ સમિતિનાં સભ્યોએ પણ શહેર પોલિસ કમિશનરનો આભાર વ્યક્ત કર્યો હતો.

રૂસ્તમપુરા કોમ્યુનિટી હોલમાં ઉડાન-2025 વુમન બજાર એક્ઝિબિશનનું આયોજન

સુરત : શ્રી સુરત રાણા સમાજ મહિલા ફોરમ દ્વારા રૂસ્તમપુરા કોમ્યુનિટી હોલ ખાતે ત્રણ દિવસ તારીખ 1, 2, 3 ઓગસ્ટ શુક્રવાર, શનિવાર, રવિવારે ઉડાન 2025 વુમન બજાર એક્ઝિબિશન કમ સેલનું આયોજન કરવામાં આવ્યું છે. રાણા સમાજની મહિલાઓ આત્મ નિર્ભર બની રોજગારી મેળવે તે હેતુસર છેલ્લા પાંચ વર્ષથી ભવ્ય સફળતા બાદ હાલમાં છઠ્ઠા વર્ષે પણ આ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઉદ્ઘાટક તરીકે ધારાસભ્ય અરવિંદભાઈ રાણા અને પો.કમિ. અનુપમસિંહ ગેહલોતની પ્રેરક ઉપસ્થિતિમાં પ્રદર્શનની શરૂઆત થઈ હતી. આ પ્રદર્શનમાં 120 જેટલી બહેનોએ ભાગ લઈ પોતાની કૃતિઓ રજૂ કરી હતી. જેમાં સેલા, સાડી, વેસ્ટન આઉટ ફીટ, કાનાના વાઘા, ઓનમિન્ટ્સ રાખડી અને હેન્ડમેડ જ્વેલરી તેમજ ફેબ્રિક પેઇન્ટિંગની આઈટમો પ્રદર્શિત થઈ હતી. સુરતીલાલાઓ માટે વિવિધ ચટાકેદાર વાનગીઓના સ્ટોલ પણ રાખવામાં આવ્યા હતા. જેમાં ખૂબ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

એકલ શ્રીહરિ મહિલા સમિતિએ વન યાત્રાનું આયોજન કર્યું

સુરતઃ એકલ શ્રીહરિ મહિલા સમિતિ દ્વારા ગુરુવારે વન યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમિતિની મહિલાઓ સવારે બસ દ્વારા સુરતથી રવાના થઈ હતી. વિવિધ સ્થળો પૈકી ઉનાઈ માતા ધામની મુલાકાતથી પ્રવાસની શરૂઆત થઈ હતી. ત્યારબાદ પદમ ડુંગરી સ્થિત માતાજીના મંદિરે ભક્તિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વનવાસી કથાકાર ભાઈઓ બહેનો અને આયોજન સમિતિની ખાસ ભાગીદારી હતી. વન યાત્રામાં સ્થાનિક ગામના બાળકો દ્વારા સાંસ્કૃતિક નૃત્ય રજૂ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન એકલ મહિલા સમિતિ દ્વારા કાર્યકરોનું સન્માન પણ કરવામાં આવ્યું હતું. પ્રવાસના અંતે બધી બહેનોએ પોતાના અનુભવો શેર કર્યા હતાં.

શ્રી શંભુભાઇ વી. પટેલ કોલેજ ઓફ કોમ્પ્યુટર સાયન્સ એન્ડ બિઝનેસ મેનેજમેન્ટ દ્વારા આંતર-કોલેજ સ્વિમિંગ સ્પર્ધાનું ભવ્ય આયોજન

સુરતઃ શંભુભાઈ વી. પટેલ કોલેજ ઓફ કોમ્પ્યુટર સાયન્સ એન્ડ બિઝનેસ મેનેજમેન્ટ દ્વારા દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી આંતર-કોલેજ સ્વિમિંગ સ્પર્ધા (ભાઈઓ અને બહેનો), ૨૦૨૫-૨૬નું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધા ૨૮ અને ૨૯ જુલાઈ, ૨૦૨૫ ના રોજ રુસ્તમપુરા, સુરત સ્વિમિંગ પૂલ ખાતે યોજાઈ હતી. આ સ્પર્ધામાં દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કુલ ૧૯ કોલેજોના સ્પર્ધકોએ ભારે ઉત્સાહભેર ભાગ લીધો હતો. ઉદ્ઘાટન સમારંભમાં દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલસચિવ ડો. રમેશદાન ગઢવી અને યુથ વેલફેર એન્ડ ફિઝિકલ એજ્યુકેશન ડિપાર્ટમેન્ટના કાર્યકારી નિયામક ડો. યોગેશસિંહ વાંસિયાઅતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ખેલાડીઓને પ્રોત્સાહન પૂરું પાડી શુભકામનાઓ પાઠવી હતી. મહેમાનોનું સ્વાગત કોલેજના ઇન્ચાર્જ આચાર્ય ચિન્ટુભાઈ ઠક્કરે કર્યું હતું. સમગ્ર તરણ સ્પર્ધાનું આયોજન કોલેજના શારીરિક શિક્ષણના અધ્યાપક ડો. રૂતેશ આર. દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

વીએનએસજીયુમાં રાષ્ટ્રીય શિક્ષા નીતિનાં પાંચ વર્ષ પૂર્ણ થવા પર વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન

સુરતઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના હિંદુ અધ્યયન પ્રતિષ્ઠાન દ્વારા રાષ્ટ્રીય શિક્ષા નીતિ-2020નાં પાંચ વર્ષ પૂર્ણ થતાં વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન 1 ઓગસ્ટે યુનિવર્સિટી કેમ્પસમાં કરવામાં આવ્યું હતું. વિવિધ કોલેજોના વિદ્યાર્થીઓએ વિકસિત ભારત-2047, વન નેશન વન ઇલેક્શન, નાગરિક કર્તવ્ય બોધ જેવા વિષયો પર પોતાના વિચારો રજૂ કર્યા હતા. આ કાર્યક્રમમાં ડો.દીપક ભોયે, ડો.ભરત ઠાકોર, ડો.મંગલવર્ધન દાસ અને સુમિત રાય ઉપસ્થિત રહ્યા હતા. સ્પર્ધાનો ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં ચિંતનશક્તિ, સંવાદકૌશલ્ય અને રાષ્ટ્રીય જાગૃતિ વિકસાવવાનો રહ્યો હતો.

સહસ્ત્રફણા પાર્શ્વનાથ ટ્રસ્ટ દ્વારા વિદ્યાર્થીઓને સ્ટેશનરી કિટનું વિતરણ

સુરતઃ આચાર્ય ચંદ્રશેખર વિજય મ.સા. પ્રેરિત સહસ્ત્રફણા પાર્શ્વનાથ પ. ચે. ટ્રસ્ટ દ્વારા અત્યાર સુધીમાં સંસ્થા દ્વારા લાખો બાળકોને સ્ટેશનરી કીટ વિતરણ કરવામાં આવી છે. આ કાર્યમાં ઘણી સેવા ભાવી સંસ્થાઓ તેમજ યુવાનો સેવા આપી રહ્યા છે. અંકલેશ્વરથી સુરત આજુબાજુ અનેક ગામડાઓ તેમજ આદિવાસીની અનેક સ્કૂલોમાં પણ આ સ્ટેશનરી કીટનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. રત્નસાગરજી સ્કૂલ જેના પ્રણેતા સંઘસ્થવિર વચન સિદ્ધ સિદ્ધિસુરિશ્વરજી મહારાજા (બાપજી મ.સા.) છે. તે સ્કૂલમાં ભણતા તમામ જૈન વિદ્યાર્થીઓને સ્કૂલ ફી સેવા દ્વારા આપવામાં આવી રહી છે.